ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૨૭.૦ ડીગ્રી
લઘુતમ : ૨૩.૨ ડીગ્રી
ભેજ
સવારે ૯૩ ટકા ● સાંજે ૯૦ ટકા

# જુસિકા દ્વારા શ્રમિકોને ફુડ પેકેટનું વિતરણ

## આગામી દિવસોમાં જુસિકા દ્વારા ફુલવડી, બુંદી, સેવ-મમરા, સુખડી અને પુરી-શાકના એક હજાર ફુડ પેકેટ તૈયાર કરાશે

ગાંધીનગર, તા.૨૪

સતત ૩ દિવસથી ગાંધીનગરમાં વરસાદ વરસી રહ્યો છે. વરસાદને પગલે નગર પાણીમાં ગરકાવ થઈ ગયું છે.ત્યારે શહેરમાં રહેતા શ્રમિકોની હાલત અત્યંત દયનીય બની જવા પામી છે. શ્રમિકોના રહેઠાણના સ્થાને પાણી ભરાઈ જવાથી તેમજ માલસામાન અને લાકડા પાણીમાં પલળી જવાથી શ્રમિકોનો ચુલો પ્રગટ્યો નથી.તેવી સ્થિતિમાં શહેરમાં હરહંમેશ સેવા કાર્યોમાં અગ્રેસર રહેતી જુનિયર સિટીઝન કાઉન્સીલના સેવાભાવી સભ્યો દ્વારા આજે સવારે પુરી-શાક, ફુલવડી, બુંદી અને સાંજે ખીચડીનું વિતરણ કરવામાં આવ્યું હતું. જુસિકા દ્વારા ફુડ પેકેટની સેવા આગામી ત્રણ દિવસ સુધી કાર્યરત રહેશે. શહેરના સેકટર-૬, ઘ-૨ કોર્નર, સે-૭, ચરેડી છાપરા, પ્રેસ છાપરા સે-૨૦ સહિત આસપાસના સ્થળે વિતરણ કરવામાં આવતા વરસાદમાં પલળતા અને જમવા માટે વલખા મારતા શ્રમિકોના ચહેરા પર ફુડ પેકેટ જોતા જ અનોખો ભાવ સંતોષની લ્હેર જોવા મળી હતી.

શહેરમાં બાંધકામ સાઈટ પર કામ કરતા શ્રમિકોની સંખ્યા ખુબ મોટા પ્રમાણમાં છે. શહેરના માર્ગોની આસપાસ વનવિભાગ તેમજ સેકટરના આંતરીક માર્ગો પર તેઓ વસવાટ કરતા હોય છે. ત્યારે છેલ્લા ત્રણ દિવસથી વરસી રહેલા વરસાદમાં શ્રમિકોની હાલત કફોડી બની જવા પામી છે. વસવાટના સ્થળે પાણી ભરાઈ જવાથી માલસામાન તેમજ લાકડા પલળી ગયા હોવાથી ચુલો પ્રગટે નહી તેવી સ્થિતિમાં મુકાતા શું કરવું તેની મથામણ કરતા નજરે પડે છે. ત્યારે વરસતા વરસાદમાં તેમને જમવાનું પુરું પાડવા માટે શહેરની સેવાકીય સંસ્થા જુનિયર સિટીઝન કાઉન્સીલ દ્વારા ત્રણ દિવસ માટે અભિયાન શરુ કરવામાં આવ્યું છે. જેમાં મંગળવારના રોજ સવારે બુંદી, ફુલવડી, સેવ-મમરા, સુખડી તેમજ પુરી-શાકના ૧૦૦૦ ફુડ પેકેટ તૈયાર કરવામાં આવશે. તેમજ સાંજે ખીચડીનું વિતરણ કરવામાં આવનાર છે. શહેરના તમામ શ્રમિક વિસ્તારમાં જઈને શ્રમિકોને સંસ્થાના સભ્યો દિનેશભાઈ વસાવડા, રણજીતસિંહ, દશરથભાઈ પટેલ તેમજ જીલુભાના હસ્તે ફુડ પેકેટનું વિતરણ કર્યું હતું.આગામી સમય માટે પણ જુસિકા દ્વારા ફુડ પેકેટ બનાવવાની તૈયારી પુરજોશમાં શરુ કરાઈ છે. ઉલ્લેખનીય છે કે જુસિકા દ્વારા વર્ષ દરમિયાન અનેક સેવાકાર્યો કરવામાં આવે છે.





# શહેરમાં વરસતા વરસાદમાં શાકભાજીના ભાવમાં ભડકો



ગાંધીનગર, તા.૨૪

છેલ્લા ઘણા સમયથી ઉંચકાયેલા શાકભાજીના ભાવ જાણે નીચે આવવાનું નામ જ લેતા નથી. શહેરમાં વરસી રહેલા વરસાદમાં પણ શાકભાજીના ભાવમાં કૃતિમ ઉછાળો નોંધાયો છે. શહેરના શાકમાર્કેટમાં તમામ શાકભાજીના ભાવ આસમાનને આંબે છે. શાકભાજીની સાથો સાથ મરચા, ટામેટા અને કોથમીરના ભાવ પણ વધતા ગૃહિણીઓ હેરાન પરેશાન થઈ ગઈ છે. ચોમાસાની સિઝનને આગળ ધરીને વેપારીઓએ દરેક શાકભાજીના ભાવ નિયત કરી દીધા છે. બજારમાં વિવિધ શાકભાજી રૂ.૬૦થી રૂ.૧૨૦ના ભાવે વેચાણ થાય છે. શાકના બજારોમાં ભાવ વધારાને પગલે ગૃહિણીઓના રસોડામાં ગણીગાંઠી શાકભાજી નજરે પડી રહી છે. વરસાદના નામે બજારોમાં કૃત્રિમ વધારો કરીને શાકભાજીના વેપારીઓ ખુલ્લેઆમ ગ્રાહકોને લુંટી રહ્યા છે. ત્યારે શાકભાજીના કૃતિમ વધારાના તંત્ર દ્વારા કયારે કંટ્રોલ કરવામાં આવશે તેવી માંગ ગૃહીણીઓ કરી રહી છે.

### ૧ કિલોમાં શાકભાજીનું ભાવપત્રક

| | |
|---|---|
| કારેલા - ૬૦ | ફુલાવર - ૧૦૦ |
| ગવાર - ૬૦ | કોબી - ૫૦ |
| ચોળી - ૧૧૦ | ડુંગળી- ૨૦ |
| દુધી - ૬૦ | બટાકા - ૨૦ |
| ભીંડા - ૪૦ | બીટ - ૪૦ |
| પરવર - ૮૦ | ગાજર - ૫૦ |
| ટીંડોળા - ૭૦ | મરચા - ૧૨૦ |
| કંકોડા - ૧૨૦ | કોથમીર - ૧૫૦ |
| ગલકા - ૮૦ | આદું - ૧૦૦ |
| તુરીયા - ૬૦ | લીંબુ - ૬૦ |
| સુરણ - ૮૦ | ફણસી - ૧૦૦ |

## ગાંધીનગર મેડીકલ કોલેજમાં

# પી.જી.ના અભ્યાસક્રમની મંજૂરી આપતા પૂર્વે એમ.સી.આઈ.ની ટીમે ક્ષતિઓ શોધી

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર મેડીકલ કોલેજે અનુસ્નાતક અભ્યાસક્રમની માંગેલી મંજૂરીમાં માઈક્રોબાયોલોજી અને પેથોલોજી વિભાગ માટે મેડીકલ કાઉન્સીલની ટીમે કરેલા ઈન્સ્પેકશનમાં પાંચથી વધુ ક્ષતિઓ જણાતાં કોલેજ સત્તાવાળાઓને ક્ષતિ પૂર્તિ કરવા જણાવ્યું છે.

મળતી વિગતો પ્રમાણે બ્લડ થેરોપીના કોમ્પોનોન્ટ પ્લાન, ફેકલ્ટીને લગતી ત્રણ જેટલી ક્ષતિઓ દર્શાવી હોવાનું જાણવા મળેલ છે. આ ઉપરાંત બ્લડ કોમ્પોનોન્ટ પ્લાન માટે અદ્યતન લેબોરેટરી બનાવ્યા બાદ તેના ઉપયોગ માટે ભારત સરકાર તરફથી ના વાંધા પ્રમાણપત્ર અંગેનો ઉલ્લેખ પણ આ ક્ષતિઓમાં દર્શાવવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે.

કોલેજ સત્તાવાળાઓ દ્વારા આ ક્ષતિ પૂર્તિ માટેના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. એક ખાસ અધિકારીને ના-વાંધા પ્રમાણપત્ર તેમજ ઉપયોગ માટેની જરૂરી મંજુરી માટે દિલ્હી પણ દોડાવવામાં આવ્યા છે.

અત્યંત આધારભૂત સૂત્રોના જણાવ્યાનુસાર આગામી ગુરુવાર સુધીમાં કોલેજ સત્તાવાળાઓ દ્વારા ક્ષતિપૂર્તિ અહેવાલ તૈયાર કરી મોકલી આપવામાં આવશે.

ગાંધીનગર મેડિકલ કોલેજ દ્વારા પી.જી. અભ્યાસક્રમની ૧૦ જેટલી બ્રાન્ચ માટે મંજુરી માંગતી અરજી કરવામાં આવી છે. જેમાંથી બે વિભાગ માટે ઈન્સ્પેકશન એમસીઆઈનું આવી ગયું છે. હવે અન્ય બ્રાન્ચોનું ઈન્સ્પેકશન આવશે.

૨૦૧૮માં અનુસ્નાતક અભ્યાસક્રમ શરુ થશે તેમ માનવામાં આવી રહ્યું છે. ગાંધીનગર સિવીલ હોસ્પિટલમાં અદ્યતન લેબોરેટરીની સુવિધા ઉપલબ્ધ થશે તે પણ નોંધનીય છે.

# મુકિતધામ ખાતે ૧૫૦૦ વૃક્ષો વાવવાના શ્રમયજ્ઞનો પ્રારંભ

ગાંધીનગર, તા.૨૪

એક તરફ શહેરમાં વરસાદી મોસમ પૂરબહારમાં ખિલી ઉઠી છે, બીજી તરફ શહેરના સે-૩૦ ખાતેના અંતિમધામ મુકિતધામ ખાતે વન મહોત્સવની ઉજવણી હાથ ધરવામાં આવી છે. આ અંતર્ગત મુકિતધામ સંકુલમાં દોઢ હજાર વૃક્ષોના વાવેતરનું કામ હાથ ધરવામાં આવ્યું છે.



વરસાદના આગમન બાદનો સમય વૃક્ષારોપણ માટે યોગ્ય સમય ગણાય છે. શહેરમાં પર્યાવરણની જાળવણી હેતુસર વિવિધ સંસ્થાઓ દ્વારા અવારનવાર વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવતો હોય છે. આ વર્ષે રાજય સરકાર દ્વારા પણ વન મહોત્સવ અંતર્ગત રાજયમાં દસ કરોડ નવા વૃક્ષોના વાવેતરનો સંકલ્પ જાહેર કરવામાં આવ્યો છે. ગાંધીનગર મ્યુનિસિપલના ડેપ્યુટિ કમિશનર બારૈયાની ઉપસ્થિતિમાં આજથી સેકટર-૩ના મુકિતધામ ખાતે ૧૫૦૦ વૃક્ષોના વાવેતરના શ્રમયજ્ઞનો પ્રારંભ કરાયો છે. આ વૃક્ષોમાં ૧ હજાર સરકારી નર્સરી તથા ૧૦૦ છોડવા ખાનગી નર્સરીમાંથી ખરીદવામાં આવ્યા છે. આ વૃક્ષારોપણનું કાર્ય બે દિવસ ચાલશે. ડેપ્યુટિ કમિશનર ઉપરાંત જુનિયર સિટિઝન કાઉન્સિલના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# શહેરના“ક ”માર્ગ પરના ખાડામાં બાઈક સવારો પટકાયા

ગાંધીનગર, તા.૨૪

શહેરમાં વરસાદી સિઝનનો બીજો રાઉન્ડ ધમાકેદાર રીતે શરુ થઈ ગયો છે. ગાંધીનગર શહેરમાં છેલ્લા ત્રણ દિવસથી સતત મેઘરાજા મનમુકીને વરસી રહ્યા છે. સેકટરોના આંતરીક માર્ગો અને મુખ્ય માર્ગો પર પાણી ભરાઈ જવા પામ્યા છે. માર્ગો પર વરસાદી પાણીના ભરાવાથી નગરના ચકાચક માર્ગો ઉબડ-ખાબડ બની ગયા છે. ત્યારે સેકટર-૨૬ ક માર્ગ પર વરસાદને પગલે મોટા મસ ખાડા પડી ગયા છે. ત્યારે આ તોંતિગ ખાડા પર પાણી હોવાથી વાહનચાલકોને નજરે આવતો નથી. જેને અનુલક્ષી આજે અહીંથી પસાર થતા ૧૦થી વધુ બાઈક સવારો માર્ગ પરના ખાડાને પગલે કાબુ ગુમાવતા વાહન પરથી પડતા શરીરે નાની-મોટી ઈજાઓ પહોંચી હતી. જો કે ઢીંચણસમા પાણી હોવાથી વાહનચાલકોને ઈજા સામાન્ય જ પહોંચી થઈ હતી. ત્યારે આ દશ્ય જોઈ ગ્રીનસીટીના યુવાનોએ બચાવ કામગીરી હાથ ધરી હતી.તેઓએ તાત્કાલીક આવી પહોંચીને ઈજા પામેલાઓને નજીકમાં સારવાર માટે લઈ ગયા હતા. તેમજ સોસાયટીમાં પડી રહેલુ મોટું બોર્ડ ઉંચકીને પાણીમાં રહેલા ખાડા પાસે મુકી દીધુ હતું. જેથી અન્ય વાહનચાલકો દુર્ઘટનાનો ભોગ ન બને. ત્યારબાદ સોસાયટીના નવ યુવાનોએ તંત્રને પણ આ અંગે જાણ કરી હતી. જેને પગલે તંત્રના કર્મચારીઓ પણ તાત્કાલીક દોડી આવ્યા હતા અને ખાડો પુરવા મથામણ શરુ કરી હતી. ત્યારે સોસાયટીના યુવાનોની કામગીરીને સૌ કોઈએ બિરદાવી હતી. ગુજરાત પર હજુ ભારે વરસાદની આગાહી છે. ત્યારે નગરના માર્ગો પણ સામાન્ય વરસાદમાં પાણીમાં ગરકાવ થઈ જાય છે.



## આઈ લવ માય ગાંધીનગર



**અશ્વિન જે જાટીયા**

**ગાંધીનગર ગમે**

વિશ્વને આકર્ષતી સુંદરતા, આધ્યાત્મિકતા અને શિક્ષણ ઉપરાંત કલા, સેવા અને સંસ્કૃતિથી મહેકતી અનેક પ્રવૃત્તિઓને કારણે ગાંધીનગર મને ગમે છે.

**નગરજનો**

સ્નેહાળ, સેવાભાવી અને સંસ્કૃતિ, તહેવારોના પ્રેમી નગરજનો અહીં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

જુનિયર સિટીઝન કાઉન્સિલ, સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ, આર્ષ-અક્ષરધામ, ગાંધીનગર સાહિત્ય સભા, ગીર ફાઉન્ડેશન, જી ઈ કલબ, ગ્રો ફાઉન્ડેશન અને રેડક્રોસ જેવી સંસ્થાની પ્રવૃત્તિઓ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**

સ્વચ્છતા ઉપરાંત પર્યાવરણ સંરક્ષણ અને સંવર્ધન બાબતે સટિક કામ થાય એવી અપેક્ષા છે.

**નગર માટે હું કરી શકું**

કારકિર્દી માર્ગદર્શન માટે મારી સેવાઓ આપવા માટે હું તૈયાર છું.

# પ્રથમ સોમવારે શિવાલયો ઘંટારવથી ગૂંજી ઉઠયા

## વરસાદના કારણે શ્રધ્ધાળુઓની ભીડ અપેક્ષા કરતાં ઓછી રહી : ભાવિકોએ દૂધ, પાણી અને બિલિપત્રના અભિષેક સાથે ‘હર હર મહાદેવ’ના જયઘોષ કર્યા

ગાંધીનગર, તા.૨૪

આજથી પવિત્ર શ્રાવણ માસનો પ્રારંભ થયો છે અને આજે શ્રાવણનો પ્રથમ સોમવાર હતો. આજે સવારથી શહેરના મંદિરોમાં ખાસ કરીને શિવાલયોમાં શ્રધ્ધાળુઓ પૂજા અર્ચના તથા દર્શન માટે ઉમટી પડયા હતા. જો કે શહેરમાં મોડી રાત્રિથી પ્રારંભ થયેલ વરસાદ સવારે પણ યથાવત હોવાને કારણે મંદિરોમાં દર વર્ષ મુજબની અપેક્ષાએ ભાવિકોની હાજરી ઓછી જણાઈ હતી.

શ્રાવણ માસ એટલે શ્રધ્ધા અને ભકિતનો માસ, શિવજીની આરાધના અને પૂજાનો માસ. વહેલી સવારથી શહેરના શિવ મંદિરોમાં ઘંટારવ ગુંજવાનું પ્રારંભ થઈ ગયું હતું. સવારે સતત વરસાદ ચાલુ હોવા છતાં શ્રધ્ધાળુઓ મંદિરે ભોળાનાથના દર્શનાર્થે પહોંચી ગયા હતા અને શિવલિંગ પર દુધ, પાણી અને બિલિપત્રના અભિષેક કર્યા હતા. શિવ મંદિરોના ગર્ભગૃહો ‘હર હર મહાદેવ’ના નાદથી ગૂંજી ઉઠયા હતા. દર્શનાર્થીઓમાં મોટી સંખ્યામાં મહિલાઓ તથા યુવા વર્ગની હાજરી પણ ઉડીને આંખે વળગે તેવી રહી હતી. ભાવિકોએ ભગવાન ભોળાનાથ શિવજીની પૂજા અર્ચના કરવા સાથે તેમના પર દૂધ, પાણી અને બિલિપત્ર વગેરેના અભિષેક કર્યા હતા તથા વિવિધ મંત્રોચ્ચાર થકી ભોળા શંભુને રીઝવવા પ્રયત્નો કર્યા હતા.

શ્રાવણ માસમાં સોમવારનું ખૂબ જ મહત્વ હોય છે અને આ વર્ષે શ્રાવણ માસનો પ્રારંભ સોમવારથી થતો હોવાથી શિવ મંદિરોમાં ભકતોની ઉપસ્થિતિ વિશેષ પ્રમાણમાં રહેશે તેવું અપેક્ષિત હતું અને તે મુજબ અનેક શ્રધ્ધાળુઓ વરસાદી વિઘ્નને અવગણીને પણ મંદિરે પહોંચ્યા હતા. જો કે દર વર્ષે પ્રથમ શ્રાવણિયા સોમવારે ભકતોની જે ભીડ જોવા મળે છે તેની તુલનામાં જે ભીડ અપેક્ષિત હતી તેના પ્રમાણમાં ભાવિકોની સંખ્યા ઓછી જોવા મળી હતી. જેનું કારણ સવારના સમયે સતત વરસી રહેલો વરસાદ હોવાનું જણાઈ રહ્યું છે. શ્રાવણ માસના પ્રારંભ સાથે જ શહેરમાં વ્રત-ઉપવાસ અને તહેવારોની સીઝનનો પ્રારંભ થયેલો જોવા મળતા સર્વત્ર ધાર્મિક વાતાવરણ ખડું થઈ જવા પામ્યું છે.



## @ગાંધીનગર

● સે-૨૩ સ્વામિનારાયણ મંદિરમાં રક્ષાવપુ શોભન કલાના હિંડોળામાં ઠાકોરજીને સાંજે ૫.૦૦ થી ૮.૧૫ કલાક દરમિયાન ઝુલાવવામાં આવશે.

● સે-૨૧ શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી ખાતે ફીરોજી ઘટાના હિંડોળા સાંજે ૬.૩૦ થી ૭.૧૫ કલાક દરમિયાન યોજાશે.

● શ્રીમાળી બ્રાહ્મણ સમાજ ગાંધીનગર દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે શિવ મહિમ્ન પાઠ ચંદ્રકાંતભાઈ ઓઝા, પ્લોટ નં. ૧૩૩૫/૨, સે-૨-બી ખાતે યોજાશે.

● સમસ્ત બ્રહ્મસમાજ સેકટર-૨૬ ગાંધીનગર દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે શિવ મહિમ્ન પાઠ ભરતભાઈ એચ. ભટ્ટ ૪૩૨/૧, કિસાનનગર ખાતે યોજાશે.

● પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે રામધામ વાવોલ ખાતે ચાલી રહેલ રામકથાના બીજા દિવસે વિવિધ ફુલોના હિંડોળા યોજાશે.

● સમસ્ત બ્રહ્મ સમાજ સે-૨૩ દ્વારા પવિત્ર શ્રાવણ માસ દરમિયાન ભોળાનાથના શિવ મહિમ્ન પાઠ અને સ્તુતી વંદના મુકેશભાઈ દવે, સે-૨૮, હરિનંદન ફલેટ ખાતે યોજાશે.

## વાતવાતમાં

● શહેરમાં સવારે શાળાઓ રાબેતા મુજબ પ્રારંભ થઈ હતી પરંતુ સતત વરસી રહેલા વરસાદને પગલે વિદ્યાર્થીની પાંખી હાજરી હતી. પાંખી હાજરીના કારણે શહેરની અનેક શાળાઓએ હાજર વિદ્યાર્થીને રજા આપી દેતા વિદ્યાર્થીઓ ઘરે પરત ફર્યા હતા.

● અમદાવાદમાં પણ સતત વરસાદના પગલે ગાંધીનગર અપડાઉન કરતા સરકારી કર્મચારીઓની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો હતો જેના કારણે સરકારી કાર્યાલયોમાં કર્મચારીઓની હાજરી ઓછી રહી હતી. હજુ વધુ ભારે વરસાદની આગાહી હોઈ અન્ય દિવસોમાં પણ આ પરિસ્થિતિ સર્જાય તેવી પુરેપુરી શકયતા છે.

● ચિલોડા ખાતે વહેલી સવારે એક વિજ ડીપીમાં ધડાકો થતા વિજળી વેરણ થવા પામી હતી. વરસાદી માહોલના પગલે આ વિજ ડીપીના મરામતનું કાર્ય મુશ્કેલ બન્યું હોવાને કારણે સમગ્ર ચિલોડા પંથકમાં નાગરિકોએ આખો દિવસ વિજળી વગર વિતાવવો પડયો હતો અને છેક સાંજે વિજળી આવતા હાશકારો થયો હતો.

● ગાંધીનગર જિલ્લા પંચાયતમાં આજે મહિલા-બાળ વિકાસ સમિતિની બેઠક ચેરપર્સન નરેશજી ઠાકોરના અધ્યક્ષપદે મળી હતી.

● ગાંધીનગર મેયર પ્રવિણ પટેલે સ્વૈચ્છિક સંસ્થાના સંવાહકોને બનાસકાંઠાના મેઘતાંડવમાં અસરગ્રસ્તો બનેલ પરીવારોને મદદરુપ થવા અપીલ કરી છે.

## ચિરવિદાય

- સ્વ. કાન્તીભાઈ મોતીદાસ પટેલ, ઉ.વ. ૮૦
- સ્વ. ઠાકોર બબીબેન રમણજી, ઉ.વ. ૬૦
- સ્વ. ચૌહાણ ડઈબેન ફતેસિંહ, ઉ.વ. ૮૭
- સ્વ. ચતુરભાઈ મગમલભાઈ વેલાણી, ઉ.વ. ૭૦
- સ્વ. શુકલ શારદાબેન નટવરલાલ, ઉ.વ. ૮૬